# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં), જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, અમદાવાદ-૧.**

## ટ્રસ્ટી મંડળ


**જ્ઞાતિ**

**શ્રી નવનીતભાઈ ગો. ચોકસી**
**શ્રી ચંદ્રકાંતભાઈ પુ. મહેતા**
**શ્રી દિપકભાઈ દ. શેઠ**
**શ્રી ઉપેન્દ્રભાઈ બં. ચોકસી**
**શ્રી શૈલેષભાઈ દ. ગાંધી**
**ઓફીસ :** ૧૯૮૭, ફાફડાની પોળ, સારંગપુર,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૨૨૧૪૬૧૧૩, ૨૨૧૪૭૫૩૯
**રહેઠાણ :** ૪, સહજાનંદ બંગલોઝ,
કર્ણાવતી કલબની સામે, રામદેવનગર,
સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ફોન : ૨૬૯૨૩૫૧૪

**યુવક મંડળ**

**શ્રી રજનીકાંતભાઈ ક. ચોકસી**
**શ્રી સુહાષભાઈ વા. મહેતા**
**શ્રી શૈલેષભાઈ દ. ગાંધી**
**શ્રી અરૂણભાઈ ક. ઝવેરી**
**શ્રી ઉપેન્દ્રભાઈ બં. ચોકસી**
એ/૧૫, ત્રીજે માળ, અક્ષય એપાર્ટમેન્ટ,
જુની એ.ડી.સી. બેંક સામે, પંચાયત ઓફીસ પાસે,
વસ્ત્રાપુર ગામ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
મોબાઈલ : ૯૮૨૫૪ ૩૮૧૭૪


## નૂતન વર્ષ મિલન સમારંભ

તા. ૨૬-૯-૨૦૦૯

વ્હાલા જ્ઞાતિ ભાઈ-બહેનો,

નૂતનવર્ષ આપસૌને મંગળકારી, સુખમય, શાંતિમય, આરોગ્યકારી, સમૃદ્ધિમય તેમજ દરેક ક્ષેત્રે ઉન્નતિકારક નિવડે તેવી અભ્યર્થના સાથે એક બીજાને અભિનંદન પાઠવવા આ સમારંભમાં સમગ્ર જ્ઞાતિના અબાલ, યુવાન તથા વૃધ્ધ ભાઈ બહેનોને મોટી સંખ્યામાં પધારી અરસપરસ શુભેચ્છા પાઠવવા હાર્દિક આમંત્રણ પાઠવતા અમો ગૌરવ સાથે હર્ષ અનુભવીએ છીએ.

આપણી જ્ઞાતિનો નૂતનવર્ષ મિલન સમારંભ નીચે જણાવ્યા અનુસારનો **જ્ઞાતિના અગ્રગણ્ય શ્રી કુમુદચંદ્રભાઈ સાકરલાલ ચોકસીના પ્રમુખ સ્થાને** રાખવામાં આવેલ છે. આ શુભપ્રસંગે તેમના વરદહસ્તે જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપના ચેકોનું વિતરણ તથા ૭૦ કે તેથી વધુ વર્ષની ઉંમરના જ્ઞાતિજનોને શાલ અર્પણ પણ કરવામાં આવનાર છે. આ અવસરે આપશ્રીને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ કરવા નમ્ર વિનંતી.

**વધુમાં આનંદ સાથે જણાવવાનું કે સદર કાર્યક્રમમાં શાલ અંગેનો થતો ખર્ચ જ્ઞાતિ યુવક મંડળના પ્રમુખશ્રી રાજુલભાઈ રજનીકાન્તભાઈ ચોકસીએ સ્પોન્સર કરેલ છે તે બદલ આભાર.**

**: મિલન સમારંભ :**
તા. ૨૫-૧૦-૨૦૦૯, રવિવાર, કારતક સુદ-૭
**: સમય :**
સાંજે ૭-૦૦ થી ૯-૦૦

**: શુભસ્થળ :**
**ચંદ્રગુપ્ત પાર્ટી પ્લોટ**,
સહજાનંદ કોલેજની પાછળ, પાંજરાપોળ ચાર રસ્તા,
આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદ-૧૫.

**: જ્ઞાતિ કાર્યાલયથી પાસ મેળવવાની તારીખ-સમય : તા. ૧૧-૧૦-૨૦૦૯ ને રવિવાર સવારે ૧૦ થી ૧૨ સુધી જ**

**આપના દર્શનાભિલાષી,**

| | | |
|---|---|---|
| **રોહિતભાઈ કાં. શાહ** | **- પ્રમુખ -** | **રાજુલભાઈ ર. ચોકસી** |
| **અરવિંદભાઈ મ. ચોકસી** | **- ઉપપ્રમુખ -** | **અલ્કેશભાઈ ઈ. ચોકસી** |
| **નિશીથભાઈ બા. ચોકસી** | **- માનદ્ મંત્રી -** | **આસીતભાઈ એન. શાહ** |
| **શ્રી દ.મો.ગો.જ્ઞાતિ, અ'વાદ** | | **શ્રી દ.મો.ગો.જ્ઞા.યુ.મંડળ, અ'વાદ** |

## : વિશેષ માહિતી :

૧. સામાન્ય પરિસ્થીતિ હોય તો મિલન સમારંભ સ્વરૂચી (બુફે) આઈસ્ક્રીમ સાથે કરવામાં આવશે.
૨. મિલન સમારંભમાં પરજ્ઞાતિમાં પરણાવેલ બહેન-દિકરી તેમના પતિ અને ફક્ત તેમનાં જ અપરિણીત સંતાનો (ભાણેજ-ભાણી) ભાગ લઈ શકશે અર્થાત ભાણેજ કે તેની પત્ની, ભાણી કે તેમના પતિ તેમજ તેમના સંતાનો ભાગ લઈ શકશે નહીં જેની નોંધ લેવા વિનંતી.
૩. ૩ વર્ષ કે તેથી ઉપરની ઉંમરની દરેક વ્યક્તિ દીઠ રૂા.૧૫/- (પંદર) ટોકન ચાર્જ તરીકે લેવાના રહેશે. (મુકરર કરેલ તારીખ બાદ રૂા.૫૦/- (પચાસ) આપવાના રહેશે.)
૪. આ સાથે બીડેલ ફોર્મમાં તે મુજબની સ્પષ્ટ અને પુરેપુરી વિગતો મિલન સમારંભમાં ભાગ લેનારને લખી જણાવી તે મુજબના પાસ-ટોકન મેળવી લેવાના રહેશે.
૫. ફક્ત વ્યવસ્થાની દ્રષ્ટિએ સ્થળ પર પાસીસ ઉઘરાવવામાં આવશે માટે પાસ સાથે રાખવા.
૬. જ્ઞાતિ પરિપત્રો સમયસર મળે તે રીતે મોકલી આપવામાં આવે છે આમછતાં ઘણા પ્રસંગોમાં ટપાલ નિયમીત કે સમયસર ન મળવાના કારણે જ્ઞાતિજનો પ્રસંગોથી વંચિત રહે છે, માટે જ્ઞાતિજનોને અરસપરસ એકબીજાના સગાવ્હાલાને કાર્યક્રમો/પ્રસંગોની જાણ કરી સાથ સહકાર આપવા વિનંતી.
૭. જ્ઞાતિના યુવાન ભાઈબહેનોને પ્રવાસ-મિલન સમારંભ કે ઉજાણી જેવા પ્રસંગોમાં વ્યવસ્થામાં સાથ અને સહકાર આપવા વિનંતી.
૮. કોલેજની ફી ના ફોર્મ પાસ લેવા આવો ત્યારે રૂબરૂ મેળવી લેવાના રહેશે. જે **તા.૩૧મી ડીસેમ્બર સુધીમાં** ભરી જ્ઞાતિ કાર્યાલયમાં રૂબરૂ આપી જવાના રહેશે.

## મિલન સમારંભ અંગેનું ફોર્મ

**ફોર્મ નં.:**

**(આ ફોર્મમાં ફક્ત એક જ કુટુંબના (લ્હાણાદરના) સભ્યોના નામ લખવા)**

તા. : ૧૦-૧૦-૨૦૧૦

**મારા કુટુંબની નીચે જણાવેલ વ્યક્તિઓ મિલન સમારંભમાં ભાગ લેનાર છે તો તે મુજબના પાસ આપશો.**

| અ.નં. | નામ : ફોન નં.: મોબાઈલ : | ઉંમર | કુટુંબના વડા સાથેનો સંબંધ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |
| ૭ | | | |
| ૮ | | | |
| ૯ | | | |
| ૧૦ | | | |

**કુલ્લે ભાગ લેનાર સભ્યો ............. x ૨૫ = રૂપિયા (અંકે રૂા. )**

**વધુમાં ચાલુ સાલે જ્ઞાતિ યુવક મંડળ તેની સ્થાપનાના ૭૦ વર્ષ પુરા કરી ૭૧માં વર્ષમાં પ્રવેશ કરી ચુકેલ છે (સ્થાપના તા.૧-૭-૧૯૩૯), સાથે સાથે જ્ઞાતિ વ્યવસ્થાનો પણ આટલો જ સમય પુરો થવા પામ્યો છે તે આપણાં સૌના ગૌરવ અને આનંદની વાત છે. અને તેની હર્ષભેર ઉજવણી પણ આપણે સૌ સાથે મળી કરીએ તેવી અભ્યર્થના.**

**આવા સમયે જ્ઞાતિના જે ભાઈ-બહેનો તા. ૨૫-૧૦-૨૦૦૯ના રોજ ૭૦ વર્ષ પુરા કરી ચુકેલ હોય તેવા સર્વે જ્ઞાતિ ભાઈ-બહેનોને શાલ અર્પણ કરી સન્માન કરવાનું નક્કી કરવામાં આવ્યુ છે જે અંગેનું ફોર્મ આ સાથે બીડેલ છે, તો તેમાં જણાવ્યા અનુસારની વિગતો ભરી જ્ઞાતિ કાર્યાલયમાં પહોંચતું કરવાનું રહેશે.**

**સાથે સાથે જે જ્ઞાતિ ભાઈ-બહેનોના કુટુંબના સભ્યોએ પોતાના આગવા ક્ષેત્રમાં ચાલુ વર્ષે લલીતકલા, સંગીત, ખાસ કોઈ હોબી કે અન્ય ઈત્તર પ્રવૃત્તિઓ કે જે વિશીષ્ટ કે સન્માનીય હોય તેવી ખાસ કામગીરી કરેલ હોય તેવા જ્ઞાતિ ભાઈ-બહેનોનું પણ ટ્રોફી અર્પણ કરી સન્માન કરવાનું નક્કી કરેલ છે. તો તે અંગેનું પણ ફોર્મ આ સાથે બીડેલ છે. જે સંપુર્ણ વીગતવાર ભરી જ્ઞાતિ કાર્યાલયમાં પહોંચતું કરવાનું રહેશે.**

**સવિશેષ સાથે જણાવીએ છીએ કે આજના આ કપરા અને મોંઘવારીની ભીંસના સમયને લક્ષમાં લેતાં ચાલુ સાલે જ્ઞાતિ કુટુંબોને નીચેની ખાદ્ય ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવનાર છે.**

**ખાંડ ૨ કિલો / ગોળ ૨ કિલો / કપાસીયા તેલ ૨ લીટર / વેજી. ઘી ૧ કિલો**

આ અંગેનું ફોર્મ પણ આ સાથે બીડેલ છે. તો જે જ્ઞાતિ કુટુંબોને આ યોજનાનો લાભ લેવાની સ્વેચ્છાએ ઈચ્છા હોય તે સર્વશ્રીઓએ તે ભરી જ્ઞાતિ કાર્યાલયમાં પહોંચતું કરવાનું રહેશે. અને જે-તે ચીજ વસ્તુઓનું કીટ મેળવી લેવાનું રહેશે.

જોગાનુજોગ ચાલુ સાલે ઓગષ્ટ ૨૦૦૯માં જ્ઞાતિજનોનો ચંપારણ્ય યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ અને તેમાં જ્ઞાતિના આબાલવૃદ્ધ સહીત કુલ ૧૦૬ સભ્યોએ તેનો લાભ લીધેલ. આ યાત્રા પ્રવાસમાં જ્ઞાતિજનોના સંપુર્ણ સાથ સહકાર અને લાગણી ભાવનાથી ખુબ સારી રીતે પરીપુર્ણ થયેલ અને જ્ઞાતિના કાર્યને ખુબ આનંદ ઉત્સાહથી ઉજવી ભાવવિભોર થઈ જ્ઞાતિના કાર્યને બીરદાવેલ તે બદલ અમો સૌ તે બધાના આભારી છીએ.

આ યાત્રા પ્રવાસના ખર્ચ પેટે વ્યક્તિદીઠ રૂા.૧,૦૦૧/- લેવામાં આવેલ અને તેનો સઘળો હિસાબીખર્ચ જેવોકે રેલ્વેભાડુ, બસ ભાડુ, જમણ-નાસ્તા વગેરે મળી કુલે રૂા. ૧,૬૦૭/- સુધીનો થવા પામેલ છે. આ ખર્ચમાં રેલ્વે ભાડામાં સીનીયર સીટીઝન તથા બાળકોને અપાતું કન્સેશન પણ યાત્રિકોને મજરે આપવામાં આવેલ છે જે જાણ સારું.

**આ સંપુર્ણ યાત્રા પ્રવાસની ફોટોગ્રાફી તથા વિડીયોગ્રાફી આપણાં જ્ઞાતિનાં જ યાત્રામાં આવેલ શ્રી બાલમુકુંદભાઈ જયંતિલાલ ચોકસી તરફથી ઉતારવામાં આવેલ છે. તો જે જ્ઞાતિજનોને તેની સીડી લેવાની ઈચ્છા હોય તેઓએ જ્ઞાતિ કાર્યાલયમાં રૂબરૂ આવી તેની મુકરર કરેલી કિંમત ચુકવી મેળવી લેવાની રહેશે.**

ઉપરની તમામ પ્રકારની બાબતો માટેના ફોર્મ નૂતન વર્ષ મિલન સમારંભના પાસ જે સ્થળે/સમયે અને તારીખે લેવા આવો ત્યારે આપી જેતે ચીજવસ્તુ મેળવી લેવાની રહેશે.

### ❖ સ્પોન્સરશીપ (સૌજન્ય યોજના) :

જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળના ઉપક્રમે યાત્રાપ્રવાસ, મિલન સમારંભ તથા ઉજાણી જેવા પ્રસંગો ઉજવાય છે. તેમાં અગાઉ જણાવી ગયા તેમ સ્પોન્સરશીપ યોજનામાં નાની-મોટી ભેટની રકમો આપી આવા કાર્યક્રમોને વેગવંતા અને ઉત્સાહ ઉમંગ સભર ઉજવવા કટીબધ્ધ બનીએ તેવી હાર્દિક અપીલ છે.

**ચંપારણ્ય યાત્રા પ્રવાસમાં નીચેના જ્ઞાતિજનોએ ડોનેશન આપેલ છે.**

| | | |
|---|---|---|
| ૧. | શ્રી નવનીતભાઈ ગોરધનદાસ ચોકસી | રૂા. ૨૫,૦૦૦ |
| ૨. | શ્રી રજનીકાંતભાઈ કનૈયાલાલ ચોકસી | રૂા. ૨૧,૧૦૦ |
| ૩. | શ્રી હિતેશભાઈ રજનીકાંતભાઈ શાહ | રૂા. ૧૦,૦૦૦ |
| ૪. | શ્રી મહેન્દ્રભાઈ ચંદુભાઈ ચોકસી | |
| | શ્રીમતી કોકીલાબેન મહેન્દ્રભાઈ ચોકસી | રૂા. ૨,૫૦૧ |
| ૫. | સ્વ. મધુસુદન બાલાભાઈ ચોકસી | રૂા. ૧,૦૦૧ |
| ૬. | સ્વ. ઈન્દ્રવદન ગીરધરલાલ ચોકસી | રૂા. ૧,૦૦૧ |
| ૭. | સ્વ. જગદીશભાઈ હીરાલાલ ચોકસી | |
| | સ્વ. પ્રમીલાબેન જગદીશભાઈ ચોકસી | રૂા. ૧,૦૦૧ |
| ૮. | શ્રીમતી ઈન્દિરાબેન જશવંતલાલ ચોકસી | રૂા. ૧,૦૦૧ |
| ૯. | શ્રી નિરંજનભાઈ રતનલાલ ચોકસી | રૂા. ૧,૦૦૧ |
| ૧૦. | શ્રી મનુભાઈ મોહનલાલ ચોકસી | રૂા. ૧,૦૦૧ |
| ૧૧. | શ્રી રોહિતભાઈ કાંતિલાલ શાહ | રૂા. ૧,૦૦૧ |
| ૧૨. | શ્રી બાલમુકુંદભાઈ જયંતિલાલ ચોકસી | રૂા. ૧,૦૦૦ |
| ૧૩. | સ્વ.વિશાલ પરેશભાઈ ગુણવંતલાલ કેશવલાલ | રૂા. ૧,૦૦૦ |
| ૧૪. | શ્રી જગદીશભાઈ નવનીતલાલ શાહ | રૂા. ૬૦૧ |
| ૧૫. | શ્રી અજયભાઈ ચંપકલાલ ચોકસી | રૂા. ૫૦૧ |
| ૧૬. | સ્વ. ભગવાનદાસ ગોરધનદાસ ચોકસી | રૂા. ૫૦૧ |
| ૧૭. | શ્રી દિનેશભાઈ સારાભાઈ ચોકસી | રૂા. ૫૦૦ |
| ૧૮. | શ્રી હિમાંશુભાઈ તુલસીદાસ ચોકસી | રૂા. ૨૫૧ |
| ૧૯. | શ્રી વિક્રમભાઈ બાબુલાલ શાહ | રૂા. ૧૦૧ |
| ૨૦. | શ્રી મિનેશભાઈ રસીકલાલ શાહ | રૂા. ૧૦૧ |
| ૨૧. | શ્રી નિકુંજભાઈ રસીકલાલ શાહ | રૂા. ૧૦૧ |
| ૨૨. | શ્રી પંકજભાઈ નવનીતલાલ શાહ | રૂા. ૧૦૧ |
| ૨૩. | શ્રી કિરણભાઈ નવનીતલાલ શાહ | રૂા. ૫૧ |
| ૨૪. | શ્રીમતી ઉર્મિલાબેન સતીષભાઈ શાહ | રૂા. ૫૧ |
| ૨૫. | શ્રીમતી દક્ષાબેન ભૂપેન્દ્રભાઈ ચોકસી | રૂા. ૫૧ |
| | **કુલ મળેલ ડોનેશન** | **રૂા. ૭૦,૫૧૯** |

ઉપરના સઘળા ડોનેશન આપવા બદલ જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળ તે સર્વશ્રીઓનો હાર્દિક આભાર માને છે અને અન્યને ડોનેશન આપવા નમ્ર વિનંતી કરે છે.

BOOK POST
**PRINTED MATTER**



*-- Happy Diwali --*


## શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.